Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


— માગશર —

પુસ્તક ૭૭ મું
અંક ૨
૧૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૭
ઇ. સ. ૧૯૬૦


उड्ढं अहे य तिरियं दिसासु,
तसा य जे थावर जे य पाणा।
हत्थेहिं पाएहिं य संजमित्ता,
अदिन्नमन्नेसु य नो गहेज्जा॥

ઊંચી, નીચી અને તિરછી દિશાઓમાં ચારે બાજુ જે ત્રસ પ્રાણો છે અને જે સ્થાવર પ્રાણો છે, તે તમામ તરફ હાથ અને પગને સંયમમાં રાખીને વર્તનારાએ, બીજાઓ પાસેથી તેમણે નહિ આપેલું એવું કાંઈ પણ લેવું નહિ.

तिव्वं तसे पाणिणो थावरे य,
जे हिंसति आयसुहं पडुच्च।
जे लूसए होइ अदत्तहारी,
ण सिक्खई सेयवियस्स किंचि॥

જે મનુષ્ય પોતાની જાતના સુખને માટે ત્રસ પ્રાણોનો કે સ્થાવર પ્રાણોનો ક્રૂરભાવે ઘાત કરે છે, જે હિંસક અને ચોર બને છે; એવો એ, પોતે આદરપાત્ર માનેલાં વ્રતોનું લેશ પણ પાલન નથી કરી શકતો.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૭ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


૧ શ્રી પાર્શ્વજિન સ્તવન .... .... .... (શ્રી કાંતિલાલ વાકાણી) ૧૭
૨ પ્રાર્થના આક્રંદ .... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૮
૩ सत्यं वद धर्मं चर .... .... .... (આકાશવાણી પરથી) ૧૯
૪ એકાંતે સુખ અગર દુઃખ હોતું જ નથી (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૦
૫ વર્દ્ધમાન મહાવીર : ૨૯ .... .... .... (સ્વ૦ મૌક્તિક) ૨૨
૬ અંતિમ પુરુષાર્થ .... .... .... (શ્રી નર્મદાશંકર જ. શાસ્ત્રી) ૨૫
૭ શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ : ૩૨ (આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ.) ૨૬
૮ તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો : ૭ (હીરાલાલ ર. કાપડિયા M. A.) ૨૯
૯ योगीराज चिदानंदजी के तीन अप्रकाशित पद (અગરચંદ નાહટા) ૩૧



## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીઘ્રીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૭ મું<br>અંક ૨ | માગશર | વીર સં. ૨૪૮૭<br>વિ. સં. ૨૦૧૭ |
|---|---|---|

## શ્રી પાર્શ્વજિન સ્તવન

卐

પ્રભુ પાર્શ્વની મૂરતી અલબેલી, સૌના દિલને લોભાવે છે;
મનડું મારું લોભાવે છે, દિલડું મારું લોભાવે છે. ૧

અભિમાનીનું અભિમાન ગળ્યું, બળતો તેં જીવ ઉગાર્યો છે;
મહામંગલ મંત્રે પદ પામ્યો, બલિહારી એ બલિહારી છે. ૨

તું ત્યાગી થયો વિતરાગી થયો, હું ભવમાં ભટક્યો રાગી છું;
મહામોહ જાલે ફસાયો છું, સાધનસંપન્ન વૈરાગી છું. ૩

પ્રભુ તું તો આતમજ્ઞાની છો, આતમજ્યોતિ પ્રગટાવી દે;
પ્રભુ એક વિનંતી અમારી છે, 'કાંતિ'નો દીપ જલાવી દે. ૪

—કાંતિલાલ બાંકાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાર્થના આક્રંદ

સુમંદારમાલા

પ્રભો ! હીન ને દીન હું પાતકી છું કરૂં પ્રાર્થનાને કયા શબ્દથી,
મને કાવ્યસ્ફૂર્તિ ન લાલિત્ય લીલા અલંકાર સૌંદર્ય કાંઈ નથી;
નથી ભાવ કારૂણ્યનો કિંકિણી નાદ જે કર્ણ આનંદ આપે ઘણો,
નહી મિષ્ટ વાણી ગમે જે સહુને હરે ચિત્ત ઝંકાર જે મોહનો. ૧

નથી માધુરી છંદની કાવ્યની વા ન જાણું કવિની કલા સુંદરા,
અનુપ્રાસ વા શબ્દની ચાતુરી જે કવી ભક્તની કાવ્યગંધી ગિરા;
કહો ક્યાં થકી લાવું ? અજ્ઞાન હું છું ન વિજ્ઞાન સૌંદર્ય મારા કને,
ખરૂં દુઃખ મારૂ સુશબ્દે રચીને કહું કેમ તે પ્રાર્થું તારા કને. ૨

અહો શબ્દોત્સૃષ્ટિતણા બ્રહ્મ જેવા સદા વર્ષતા કાવ્યકેરી સુધા,
દિસે શબ્દ સમ્યક્ સદા હાથ જોડી કરે પ્રાર્થના સજ્જ આગે ઉભા;
રસિલી જુઓ શુદ્ધ સ્વાભાવિકી જેહ દૈવી ગિરા તેહની છે પ્રભા,
કવી એહવા પ્રાર્થના ઉચરે છે ન અલ્પાંશ તે માહે મારી વિભા. ૩

કવીવૃંદ આગે અહો તુચ્છ હું દાસ અલ્પજ્ઞ મારી ગિરા તોતડી,
કવીઓ તણા હાસ્યનું પાત્ર હું છું નહીં શક્તિ મારી કવી જેવડી;
પ્રભૂ તૂં સ્વયં ઓળખી લે કૃપાથી વિચારો ખરા જેહ છે માહરા,
અહો માત જાણે ગિરા બાલ કેરી નહીં સ્પષ્ટ જે હોય મુગ્ધાવરા. ૪

નહીં કોઇ દાખી શકે બીજ માહે મહાવૃક્ષ વિસ્તીર્ણ તે રૂપમાં,
અહો માહરૂં દુઃખ વર્ણી શકું કેમ તૂટ્યા ફૂટ્યા માહરા શબ્દમાં;
રહ્યો સુપ્ત અગ્નિ જુઓ કાષ્ટ માહે ન તારા વિના કોઈ દેખી શકે,
પ્રભો માહરૂં હાર્દ તૂં જોઇ લેજે તને માહરા દુઃખ સુસ્પષ્ટ છે. ૫

અહો ફૂલ દાખૂ કહો કેમ જે છે કવીમાં રહ્યું ગુપ્ત તે રૂપમાં,
પ્રભુ સ્પષ્ટ દેખે ખિલેલુ સહુ ફૂલ ખરી પ્રાર્થના તેહવી શબ્દમાં;
જુઓ જેમ વિદ્યુલ્લતા મેઘમાહે વસે સુપ્ત તે ત્યાં છુપાઇ રહે,
કદ્દી વર્ણવી ના શકું દુઃખ મારૂં સુશબ્દે રૂડા કાવ્યમાં જે વહે. ૬

નથી તાહરા આગળે ગુપ્ત કાંઇ પ્રભો ! દીનબંધુ કરૂં પ્રાર્થના,
પ્રભો જાણ અલ્પજ્ઞની એહ વાણી કરી તૂં કૃપા જાણી લે વેદના;
અહો બાલ હૂં દીર્ઘ આક્રંદ માંડું પ્રભુ માવડી અર્થ જાણે સહુ,
ઘણું શું કહું ઝાલ તૂં અંગુલીને પ્રભો તાર બાલેન્દુને વીનવું. ૭

—બાલચંદ હીરાચંદ (સાહિત્યચંદ્ર) માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सत्यं वद; धर्मं चर

[ આકાશવાણી, અમદાવાદનાં શ્રીયુત રસિકલાલ અ. પરીખે આપેલા બે વાર્તાલાપો પરથી. —તંત્રી ]

અધ્યયન પુરું કર્યા પછી સંસારમાં પ્રવેશ કરતાં વિદ્યાર્થીને આચાર્ય, જીવનમાં હવે પછી કેમ વર્તવું એ વિષે બોધ આપતાં અનેક આજ્ઞાઓ કરે છે જેમાં સૌ પ્રથમ એ આજ્ઞા છે કે "सत्यं वद"–સત્ય બોલજે અને બીજી આજ્ઞા એ છે કે "धर्मं चर" ધર્મનું આચરણ કરજે. આ બે આજ્ઞાઓમાં જીવનનો રહસ્ય મંત્ર છે.

સત્ય એટલે શું ?

મનુષ્યમાં જ્ઞાનની વાસના હોય છે. એ વાસનાથી પ્રેરાઇ થયેલાં જ્ઞાન અને એ જ્ઞાનથી સમૃદ્ધ થઈ અધિક જ્ઞાનને પ્રાપ્ત કરવા ઇચ્છતી વાસના એનું નામ બુદ્ધિ. આ બુદ્ધિની વાસનાએ પોતાનો માર્ગ શુદ્ધ રાખવા, બીજી અનેક વાસનાઓનું આક્રમણ થતાં એનો માર્ગ ધૂંધવાઇ જતાં, એમાં અનેક કાંટા-ઝાંખરા ઉભા થતાં એમાંથી બચવા પોતાની નિષ્ઠા શોધી કાઢી છે. બુદ્ધિની એ નિષ્ઠા એટલે સત્ય.

દરેક વાસનાને પોતાની નિષ્ઠા હોય છે; જેમકે ક્ષુધાની વાસનાની નિષ્ઠા અન્ન, ભયની વાસનાની નિષ્ઠા સંરક્ષણ. પણ માનવ મનની રચના એવી છે કે આ બધી વાસનાઓ બુદ્ધિને પોતાનું સાધન બનાવી પોતાની તૃપ્તિને પામે છે. આમ જ્યારે બુદ્ધિ બીજી વાસનાઓનું સાધન બને છે ત્યારે બુદ્ધિ પોતાની નિષ્ઠામાંથી ખસી જાય છે અને તે તે વાસના પુરી કેમ થાય એના કામમાં લાગી જાય છે. છતાં આ બધી વિટંબનામાં પણ બુદ્ધિ પોતાની નિષ્ઠા સર્વથા ભૂલી શકતી નથી. એની નિષ્ઠા એ કે દરેક બાબતનું "सत्"–અસ્તિત્વ શું છે તે જાણવું. વસ્તુના સત્ પર અનેક ઓપ હોય છે, અનેક આભાસ હોય છે. બીજી વાસનાઓએ તે તે વસ્તુઓને પોતાની તૃપ્તિનાં સાધનરૂપે જ જોયેલી હોય છે અને બુદ્ધિ જ્યારે જ્યારે તે તે વાસનાનું હથિયાર બને છે ત્યારે એને વસ્તુનો આભાસ અમુક વાસનાને અનુકૂળ કે પ્રતિકૂળ રૂપજ દેખાય છે. પણ જ્યારે પોતાની વાસના એટલે જ્ઞાનની વાસનાથી બુદ્ધિ પ્રવર્તે છે ત્યારે તે વસ્તુના સતને શોધે છે અને જાણે છે. આ સત્‌નું જ્ઞાન તે **સત્ય.**

માણસ બુદ્ધિથી અમુક સત્ય સમજે તે વાણીથી વ્યક્ત કરે અને એનો ઉપદેશ આપે એની સાથે જ એના આચરણનો પ્રશ્ન જોડાઇ જાય છે. એ માણસમાં ફક્ત એકલી જ્ઞાનની વાસના જ હોત તો તે સત્ય વિચારત સત્ય બોલત અને સત્ય આચરત-અને धर्मं चर એવો અધિક આદેશ કરવાની જરૂર જ ન રહત. પણ એમ નથી. માણસમાં અનેક વાસનાઓ અને અનેક લાગણીઓ પ્રવર્તમાન છે અને તે તેનાં આચરણોને પ્રેરતી હોય છે. માણસ કામ, ક્રોધ, માન, મોહ, લોભ એવા વિવિધ વિકારોને વશ થઇને વિવિધ આચરણો કરતો હોય છે. ભૂખને સંતોષવા, ભયમાંથી રક્ષણ મેળવવા, એશઆરામ ભોગવવા પ્રવૃત્તિ કરતો હોય છે. આ બધા આચરણો અમુક દૃષ્ટિએ સ્વભાવપ્રેરિત હોય છે પણ તે બધાં ધર્મ નથી કહેવાતાં, અમુક આચરણો જ ધર્મની સંજ્ઞા પામી શકે છે એટલે સત્ય જાણ્યા છતાં, બોલ્યા છતાં ધર્મ જાણવો પડે છે અને તે પ્રમાણે આચરણ કરવાનો આદેશ આપવો પડે છે.

ધર્મ એટલે શું ?

મનુષ્ય જો પોતાની જાતને અન્ય પ્રાણી સમાન વાસનાઓનો સમૂહ માનતો હોય અને એથી અધિક કાંઈ સમજતો ન હોય તો તેનો ધર્મ પશુઓની માફક વર્તવામાં જ સમાપ્ત થાત; પણ જો મનુષ્ય પોતાની જાતને વાસનાઓથી ઉર્ધ્વ એવા આત્મ-તત્વરૂપ જાણતો હોય તો તેનું સદ્‌આચરણ આત્માનું ધારણ થાય એવા આત્માના સત્યથી જ પ્રેરિત હોય અને તે જ તેનો ધર્મ થાય. આ અર્થમાં ધર્મ એ સદાચાર છે.

सत्यं वद અને धर्मं चर એ બે આપણી મોટામાં મોટી પ્રેરણાઓ છે, અને એના પડઘા પણ પડ્યા કરે છે. એ આપણે સાંભળીએ તો આપણું જીવન કૃતાર્થ થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાંતે સુખ અગર દુઃખ હોતું જ નથી

લેખક—બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર-માલેગામ

જગતમાં જીવમાત્રને એકી વખતે સુખ અગર દુઃખની સંવેદના ચાલતી જ રહે છે. એકાંતે સુખ જ ચાલતું રહે અગર એકાંતે દુઃખ જ અનુભવતા રહીએ એમ બનતું નથી. સુખ આવે છે ત્યારે તે ક્ષણે આનંદની સંવેદના અનુભવાય છે. અને દુઃખ આવે છે ત્યારે તેની કટુ વેદના અનુભવાય છે. દુઃખની વેદના જ્યારે ખૂબ અનુભવવામાં આવે છે, ત્યાર પછી આવતું સુખ કાંઈક વધારે આનંદ આપનારૂં હોય છે. ઘણા વખત સુધી ભૂખના દુઃખની વેદના અનુભવ્યા પછી જો જમવાનું મળે તો તે ભોજન વધારે આનંદ આપે છે. તેમ ઘણું સુખ ભોગવ્યા પછી દુઃખનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે દુઃખની વેદના બમણી થાય છે. એ ઉપરથી એમ જોવામાં આવે છે કે, દુઃખ અને સુખ એ રૂપિઆની બે બાજુઓ જેવું હોય છે. ઘણા વખત સુધી રાત્રિના અંધારાનો અનુભવ થયા પછી દિવસ ક્યારે ઉગે છે એવી તાલાવેલી જાગે છે. અને દિવસ ઉગતા આનંદ અનુભવાય છે. તેમ દિવસનો અજવાળાનો અનુભવ જ્યારે ઘણા વખત સુધી લેવામાં આવે છે ત્યારે રાત્રિના અંધારાની અને શીતલતાની ઝંખના જાગે છે. ઉનાળાની ગરમીથી મનુષ્ય જ્યારે અકળાઈ દુઃખ ભોગવે છે, ત્યારે તે વરસાદના શીતળ છાંટણાની ઝંખના કરે છે. મતલબ કે, એક જ સ્થિતિ અખંડ રીતે કોઈને ગમતી નથી, તેમ હોતી પણ નથી. પણ સુખની સવેદના હંમેશ ચાલુ જ રહે એવી વાસના માત્ર મનમાં તરંગિત થયા કરે છે. અને એ સુખ મેળવવા માટે મનુષ્ય અનેક જાતના ખટાટોપો ઉભા કરે છે. અને એમ કરતાં સુખ થાય છે જ એમ એકાંતે બનતું નથી. ઉલટા એમાંથી અનેક જાતના દુઃખોની ભુતાવળ જાગે છે. અને સુખને બદલે દુઃખની પરંપરા વધુ જાગે છે. એટલા માટે જ આપણે જે કાંઇ કરીએ તેથી સુખ જ મળવાનું છે ને ? એની ખાત્રી કરી લેવી ઘટે છે. એટલું જ નહીં પણ સુખ મેળવવા માટે પ્રયત્ન કરતાં દુઃખની પરંપરા તો નહીં જાગે ને ? એની પણ ખાત્રી કરી લેવી જોઇએ. પણ એમ થતું નથી. નજર સામે સુખના મનોહર ચિત્રો ઉભા થાય છે. અને આપણા મનને લલચાવે છે. અને આપણે પણ એવા કાલ્પનિક સુખો મેળવવા તૈયાર થઈ જઇએ છીએ, આપણી બુદ્ધિ મોહથી બેહેર મારી જાય છે. આપણે ભુલાવામાં પડી જઇએ છીએ. અને આપણા કાર્યથી અનિષ્ટ અને દુઃખદાયક પરિણામ આવશે એ આંપણે સમજી શકતા નથી. અને જ્યારે એના પરિણામોની ભુતાવળ આપણને સતાવવા માંડે છે. ત્યારે આપણે આપણા કૃત્ય માટે પશ્ચાતાપ કરીએ છીએ, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયેલું હોય છે. કારણ એના કડવા પરિણામો ભોગવ્યા વિના છુટકો હોતો નથી.

દ્રવ્યથી સુખ આપોઆપ આવે છે એવી ધારણા એક વખત મગજમાં ભરાઇ જાય છે ત્યારે દ્રવ્ય મેળવવાના સાધનોની શોધ આપણે શરૂ કરી દઇએ છીએ ચોરી કરીને દ્રવ્ય મળે છે તેમ વિશ્વાસઘાત કરી દ્રવ્ય મળે છે. પણ એમાં અપકીર્તિનો ભય જણાવાના લીધે તે માર્ગ બનતા સુધી લોકો સ્વીકારતા નથી. તો પણ એવા માર્ગો લેનારા લોકો જગતમાં નથી એમ તો નથી જ. એમ હોય તો જેલખાનાઓની વસ્તી ઉભરાતી ન હોય. અને અનેક કજીઆ અને કંકાસો જગતમાંથી ક્યારના નષ્ટ થઇ ગયા હોત. દ્રવ્ય મેળવવાના લોભનો રોગ એક વખત મનુષ્યને વળગે છે ત્યારે કોઇ રીતે તે સાજો થતો જ નથી. અને એ રોગ ગમે તે અકાર્ય કરવાને પ્રેરે છે. જેમ બિલાડી દૂધ પીવા માંડે છે ત્યારે એ પોતાની આંખો બંધ કરી દે છે અને મનમાં માની લે છે કે આપણને કોઇ જોતું નથી. પણ જ્યારે માથામાં ડાંગ પડે છે ત્યારે જ એને પોતાની ચોરીનું ભાન



For Private And Personal Use Only

હોય છે, જ્યાં સુધી ચોરી પ્રત્યક્ષ અજવાળામાં આવતી નથી ત્યાં સુધી માણસો પોતાને શાહુકાર તરીકે મનાવી લોકોમાં હરેફરે છે. પણ એના મનને ડંખ કોઈ રીતે ભૂલાતો નથી. બહારથી એ પોતાના મનને મનાવી સુખનો આભાસ બતાવે છે. પણ એનું અંતર્મન એને સાચી સ્થિતિનું ભાન આપે જાય છે. અર્થાત્ એનું એ સુખ કેવળ સુખાભાસ હોય છે; એને પોતાની પોલ ઉઘાડી થવાની ધાસ્તી કાયમને માટે રહ્યા જ કરે છે. એ સાચું સુખ નહીં પણ સુખનો આભાસ માત્ર હોય છે.

એનો અર્થ એ થયો કે, દ્રવ્ય [illegible] સુખ મળશે એવી જે ભ્રમણા જાગી હતી તે ખોટી પુરવાર થઈ ગઈ છે. અને તે મેળવવા માટે જે કાર્ય કર્યાં તેથી સુખને બદલે દુઃખનો જ લાભ થયો છે. સુખ દુઃખની જોડીની આ સંતાકુકડીની રમતમાં મનુષ્ય અંતે દુઃખની પ્રાપ્તિ કરે છે.

જુગાર કે સટ્ટાની રમત પણ એવી જ એક આકર્ષક અને વિલોભનીય હોય છે. એ રમતમાં વગર મહેનતે પૈસા મળે છે અને ક્ષણવારમાં શ્રીમંત થવાય છે એવી ભાવના જ્યારે મનમાં ઘર કરી બેસે છે ત્યારે મનુષ્યની લોભીવૃત્તિને ખૂબ ઉત્તેજન આવે છે. અને એ એકાંતે દારૂડીઆની પેઠે સટોડીઓ બની જાય છે. એ વ્યસનમાં એ પોતાના મનની શાંતિ ખોઈ બેસે છે. એની સાત્વિક મંગલવૃત્તિ ક્યારની પરવારી ગઈ હોય છે. એ બાહ્ય દેખાવમાં ધર્મવૃત્તિ ભલે બતાડતો હોય તોપણ એનો પરમેશ્વર તો પૈસો જ રહેવાનો. એ ધર્મખાતામાં નાણા આપે તોપણ એનાં દ્રવ્યની લાલસા અને ચેલછા ઓતપ્રોત સમાએલી હોય છે, એમાં શંકા નથી.

એ બાબતમાં મહાભારતના કૌરવો અને પાંડવોની દ્યુતની કે જુગારની રમતનો જ્વલંત દાખલો આપણી નજર સામે જ છે. આવા શૂરવીર અને જ્ઞાનીઓની સોબતમાં રહેવા છતાં પણ જ્યારે એઓ જુગારના ખાડામાં ઉતરતા જાય છે ત્યારે તેઓ બધો જ વિવેક ભૂલી જાય છે. બધી [illegible] ધર્મ જાણવાની શક્તિ ગુમાવી બેસે છે. પ્રત્યક્ષ પોતાની પત્નીને હોડમાં મૂકી પોતાની બુદ્ધિનું દેવાળું કાઢી બેસે છે. દ્રૌપદી એટલે પોતાના ઘરમાં પડી રહેલી જડ વસ્તુ અગર એકાદ [illegible] છે એવું માંડવો માની લે છે. એ મહાસતીના શરીરમાં એક ભવ્ય આત્મા વસે છે. એનું એમને ભાન પણ રહેતું નથી. કેવી વિલક્ષણ ઘટના! ધિક્કાર હો એ વિકૃત લોભદશાને! મનુષ્ય જ્યારે [illegible] માંડે છે ત્યારે ક્યાંસુધી ગબડી શકે છે એનો એ પ્રત્યક્ષ પુરાવો છે. આ બધું શા માટે? નિજ સુખ મેળવવા માટે જ ને? પણ સુખ ક્યાં ગયું? આખરે રણકંદન જાગ્યું. [illegible] શરીરો ધૂળ ભેગા થઈ ગયા. અને જે મૃગજળ જેવું જણાતું સુખ તે તો ક્યાંય ને ક્યાંય અદૃશ્ય થઈ ગયું. બંને પક્ષને અંતે શું મળ્યું? માટે જ અમો કહીએ છીએ કે એકાંતે સુખનો એ માર્ગ નથી જ.

સુખ જ જોઈએ તો લોભના ગોઝારા ફંદમાં ફસાયા વગર સંતોષનો જ આશ્રય લેવો યોગ્ય થશે. संतोष एव पुरुषस्य परं निधानम् સુખ માટે સંતોષ એજ મનુષ્યનું અખૂટ નિધાન છે. એના વિના બધા કામો દુઃખને જ આમંત્રણ આપનારા નિવડે છે.

જે મનુષ્ય સંતોષી હોય છે તે સુખેથી ઉંઘી શકે છે, તેમ પ્રસન્ન મુદ્રાએ જાગી પણ જાય છે. તેને પોતાના દુષ્કૃત્યોની કે લોભી વૃત્તિની ચિંતા હોતી નથી. તેથી જ તેની વૃત્તિમાં આત્મ સંતોષ જાગે છે. અને ધર્માચરણમાં તેને રસ જામે છે. એ ભક્તિ કરે તે નિર્વ્યાજ થતી જાય છે. પ્રભુ પાસે એને કોઈ પણ ઐહિક વસ્તુ કે સુખ માગવાની ઇચ્છા જ થતી નથી. એની પ્રભુભક્તિ કેવળ નિરપેક્ષ હોય છે. અને તેથી જ તેની પરમ સુખ તરફ વૃત્તિ ઢળતી જાય છે. એટલે न संतोषात् परं सुखम् એવું સુખ એને મળી શકે છે એટલે જ સુખ મેળવવા માટે આપણે દોડાદોડ કરતા હોઈએ કે, ખટપટ કરતા હોઈએ એ વ્યર્થ છે. નિષ્કારણ છે. સુખ માગીને મળવાની વસ્તુ નથી. પણ પ્રાપ્ત પરિ-

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૨૯

બીજે દિવસે લશ્કરે કૂચ કરી ત્યારે મહારાજાએ પોતે હાથી ઉપર સ્વારી કરી, બડી ધામધૂમથી પ્રયાણ કર્યું. એમ કહેવાય છે કે તેમણે પ્રયાણ કર્યું તે વખતે વામદિશાએ ચીબડી બોલી, તેમનો પોતાનો છત્રદંડ તૂટી ગયો અને એના સવારીના હાથીનો મદ સૂકાઈ ગયો, દિવસ તદ્દન નભરમો પડી ગયો, ચારે તરફ જાણે લોહીનો વરસાદ થતો હોય એમ આખો દેખાવ બીહામણો થઈ ગયો અને ચોજે દિવસે વીજળીના ઉલ્કાપાત અને ઝબકારા થયા. પણ અશ્વગ્રીવને એવા વહેમ કે આગાહીની પડી નહોતી. એણે ત્રણ ખંડ સાધ્યા, એમાં કદી પાછો પડયો નહોતો, એક લડાઈમાં હાર્યો નહોતો એને પોતાના બળ ઉપર ખૂબ શ્રદ્ધા હતી અને એ તો જાણે હવા ખાવા પરગામ જતો હોય તેમ વગર દરકારે પ્રયાણ કરી રહ્યો હતો અને પોતાના લશ્કરને રથાવર્ત પર્વત તરફ કૂચ કરવા હુકમ આપી રહ્યો હતો: એને પોતાનાં શસ્ત્રો અને બળ ઉપર એટલો વિશ્વાસ હતો કે તેણે આખી વ્યૂહ રચનાનો પૂરો ખ્યાલ કર્યો નહિ, પર્વત પર લડાઈ કરવાની હોય ત્યારે ઉપરના લશ્કરને કેટલો લાભ મળી જાય તેની ગણતરી કરી નહિ, ઉપરના પાંચસો માણસો ખીણના પ્રદેશમાં રહેલા એક લાખ માણસોને ભારે પડે એ વાતનો હિસાબ કર્યો નહિ અને ત્રિપૃષ્ઠ પક્ષે વિદ્યાધરો મોટી સંખ્યામાં છે અને સર્વ વૈજ્ઞાનિકો છે એની એણે તુલના કરી નહિ. એણે વૈતાઢ્યની ઉત્તર શ્રેણીના વિદ્યાધરોને લડવા માટે બોલાવ્યા હતા, કારણ કે તે સર્વ વિદ્યાધરોએ એની આજ્ઞા સ્વીકારી હતી, પણ તે વિદ્યાધરોની લાગણી જ્વલનજટી અને તેના જમાઈ ત્રિપૃષ્ઠ તરફ હતી. જુદા અશ્વગ્રીવની સ્વયંપ્રભા માટેની માંગણી તદ્દન બેહુદી, વિચિત્ર અને અસૂયાથી ભરપૂર હોઈ તેમને અન્યાયી લાગી હતી. આ રીતે લડાઈના ભાવિને અંગે ત્રિપૃષ્ઠ–અચળનું તાજવું નમતું જતું હતું ત્યારે અશ્વગ્રીવનું ઉંચે જતું હતું. પણ મહાઘમંડી, અત્યંત ક્રૂર અને ઇર્ષ્યાનળથી બળી જનાર અશ્વગ્રીવને આ વાતનો વિચાર જ નહોતો. એ તો ચપટીમાં ચોળી નાખવાના ઘમંડમાં પડી ગયો હતો અને જાણે મોસાળ જાય ત્યારે મામા મામી પાસે દેખાવ કરવાની ધમાલમાં પડયો હોય તેમ સર્વ ગણતરી ભૂલી આગળ વધતો ચાલ્યો હતો.

આ લડાઈની તૈયારીઓને અંગે જ્વલનજટીનો જુસ્સો અનેરો હતો. એને માનસિક વ્યથા પણ બેવડી થતી હતી. એક તો અશ્વગ્રીવ રાજાએ પોતાની પરણાવેલી પુત્રીની અત્યંત વિચિત્ર હલકી અને અભૂતપૂર્વ માગણી કરી હતી અને પોતાને હઠાવવા ટુકડી મોકલી હતી અને ભૂનિવાસી લોકોના યુદ્ધમાં વિદ્યાધરોને ઉતરવું પડતું હતું. વિદ્યાધરો મનુષ્યલોકની લડાઈમાં બનતા સુધી ભાગ લેતા નથી એ નિયમ અશ્વગ્રીવના ઉદ્ધત વર્તનથી એને બાજુએ રાખવાનો નિર્ણય કરવો પડયો હતો. આવા પ્રસંગે એને પોતાની વિદ્યાઓ વિજ્ઞાનની નજરે અને પ્રયોગસિદ્ધ દશામાં ત્રિપૃષ્ઠને અને અચળને બતાવવાનો પ્રસંગ સાંપડયો. એણે જણાવી દીધું કે ત્રિપૃષ્ઠ જેવા મહારથી અશ્વગ્રીવને પોતાના

---

સ્થિતિમાં ધીરજ રાખી પ્રસંગોચિત નીતિ, ન્યાય અને ધર્માજ્ઞાને આગળ ધરી આપણું વર્તન રાખવું જોઇએ. એ શુદ્ધ વર્તન અને ક્રિયાનું ફળ સુખ તરીકે જ મળવાનું છે એ નિશ્ચિત ધ્યાનમાં રાખવું જોઇએ. અને સુખ આવતા ફુલાવું અને દુઃખ આવતા મુંઝાવું એ વૃત્તિ છોડી ધૈર્ય ધારણ કરી સમભાવે બધુ વેદી લેવું જોઇએ. એ જ આપણું કર્તવ્ય છે. इत्यलम्।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહુબળથી જરૂર હઠાવી શકે, પણ અશ્વગ્રીવ અનીતિથી કે કૂટ નીતિથી દૂર રહે તેવો નહોતો. એટલે વિદ્યાધર જ્વલનજટીએ બંને ભાઈઓને વિજ્ઞાનના પ્રયોગો બતાવી દીધા. ગારુડી, રોહીણી, ભુવનક્ષોભણી, કૃપાણસ્તંભની, સ્થાનશુંભની, વ્યોમચારિણી, તમિસ્રકારિણી, સિંહત્રાસિની, વૈરિમોહિની, વેગાભિગામિની, દિવ્યકામિની, રંધ્રવાસિની, કૃશાનુવર્ષણી, નાગવાસિની, વારિશોષિણી, ધરિત્રીવારિણી, બંધમોચની, ચક્રનારણી, વિમુક્તકુંતલા, નાનારૂપિણી, લોહશૃંખલા, કાલરાક્ષસિકા, છત્રદશદિક્, તીક્ષ્ણશૂલિની, ચંદ્રમૌલી, વિજયમંગલા, રક્ષમાલિની, સિદ્ધ તાડનિકા, પિંગનેત્રા, વચનપેશલા, ધ્વનિતા, અહિફણા, ઘોર ઘોષિણી અને ભીરુભીષિણી વગેરે વિદ્યાઓ* શીખવી દીધી. આ વિદ્યા વિજ્ઞાનના પ્રયોગો છે. એમાં શત્રુને દમન કરવાની, મુંઝવી દેવાની, ગોટાળે ચઢાવવાની અને એમાં નાસ ભાગ કરાવવાની શક્તિ છે. કુદરતના ફેરફારો, પરમાણુના સંયોગો અને પ્રયોગ દ્વારા વાતાવરણ ઉપજાવવાની એમાં શક્તિ હોય છે અને પ્રયોગશાળાના અભ્યાસનું એ પરિણામ છે. એમાં જમીન યુદ્ધ અને આકાશ યુદ્ધના અને તે ચલાવતી વખત દુશ્મનને ગુંચવાડામાં નાખવાના નાના પ્રકારના માર્ગો હોય છે. ચાલુ રીતથી વિશિષ્ટ પ્રયોગો તે તે યુગમાં મંત્રશક્તિનું નામ આપવામાં આવતું હતું. વિદ્યાધરો મહાન વૈજ્ઞાનિકો હતા અને કુદરતના તત્ત્વોનો પ્રયોગ સિદ્ધ વ્યવહાર કરતા હતા તે એમની હકીકતો ઊંડા ઊતરીને વાંચવાથી સમજાય તેમ છે. આવા મહાન વિજ્ઞાનવાદીઓ અને વૈજ્ઞાનિકો ત્રિપૃષ્ઠ પક્ષે હતા તેનો ત્રિપૃષ્ઠને પૂરતો લાભ મળ્યો. અશ્વગ્રીવ પક્ષે વૈજ્ઞાનિકો–વિદ્યાધરો ઘણી મોટી સંખ્યામાં હતા. તેમની પાસે આ સર્વ વિજ્ઞાનના પ્રયોગોને નકામા બનાવી દે તેવા ઊલટા પ્રયોગોનું વિજ્ઞાન હતું. તેઓ પ્રત્યેક વિદ્યા સામે બીજી વિદ્યાનો પ્રયોગ કરી પ્રથમના પ્રયોગને નિરર્થક કે નકામો બનાવી દે તેવા શક્તિશાળી હતા, પણ તેમનું મન અશ્વગ્રીવ પક્ષે નહોતું, તેમની નજરે અશ્વગ્રીવનો પક્ષ અમાનુષી, અન્યાયી અને અધમ હતો; એટલે વિજ્ઞાનની નજરે ત્રિપૃષ્ઠ ઘણી સરસાઈ ભોગવી શકે એવી પરિસ્થિતિ આપોઆપ જન્મી ચૂકી હતી, છતાં લડાઈ ઘણી લંબાણ અને ભયંકર થશે એમ તો સામાન્ય દેખનારને પણ થતી તૈયારીઓ પરથી લાગ્યા વગર રહે તેમ નહોતું. અને ત્રિપૃષ્ઠ પોતે બહાદુરી, શૂરવીરતા અને સાહસનો નમૂનો હતો. એની વય નાની છતાં એનામાં ભય જેવી કોઈ વસ્તુ નહોતી. એ ધૃષ્ટ સાહસિક નહોતો પણ પાકો ગણત્રીબાજ અને અતુલ બળશક્તિવાળો હતો. એણે અનેક પ્રકારની વ્યૂહ રચના કરવાનો અભ્યાસ નાનપણથી કરી લીધો હતો, એણે બાર વર્ષની વયે રમત કરતાં કેટલીક વ્યૂહ રચનાઓ એવી યોજી હતી કે મોટા સરદારો અને અભ્યાસીઓ આ ઊગતા બાળકનું લડાયક વિષયમાં મૌલિકપણું જોઈ શક્યા હતા. અને ત્રિપૃષ્ઠના પૂર્વ સંસ્કાર અને આગામી ઉત્થાનમાં એક વાત તો બરાબર જોવામાં આવે છે અને તે એ છે કે એને મનમાં કોઈ વાતનો ક્ષોભ થતો નહોતો, નિર્ભયપણું એણે અંગતગુણ તરીકે ખીલવ્યું હતું, એની સહનશક્તિના તો અદ્ભુત પ્રસંગો નોંધાયેલા છે, એના અદમ્ય હૃદયબળને પરિણામે એનો પ્રગતિનો પંથ અનેરો નીવડે એમાં નવાઈ નથી. જે શક્તિનો અત્યારે એ અશ્વગ્રીવ સામે પડી વ્યવહારિક લાભ માટે ઉપયોગ કરી રહ્યો હતો તે જ શક્તિ એની બાજુએ છેક સુધી ઊભી રહેવાની છે. અને એને પરિણામે એ ભયંકર ઉપસર્ગો પણ સહન કરશે, અતિ આકરી તપસ્યાઓ કરશે અને આકરાં કર્મોને કાપી નાખશે. શક્તિનો સદુપયોગ થાય તો સંસારથી છૂટવામાં તેનો ઉપયોગ થઈ શકે છે, દુરુપયોગ થાય તો મહા આકરા કર્મબંધન કરાવી સાતમી નારકી સુધી પ્રાણીને

* આ વિદ્યાઓનાં નામો ત્રિશષ્ઠી શલાકા ચરિત્ર પર્વ ૪ સર્ગ ૧ લા પરથી લીધાં છે. વૈજ્ઞાનિક નજરે એનું પૃથક્કરણ કરવા જેવું છે અને તેમાંના કેટલાક પ્રયોગો આ યુગમાં સમજાઈ જાય તેવા છે. એને માટે શોધખોળ અને અભ્યાસની જરૂર દેખાય છે.

For Private And Personal Use Only

ખેંચી જાય છે. અત્યારે શક્તિનો સાંસારિક કારણોમાં ઉપયોગ થઇ રહ્યો છે તે જોવાની સાથે એ ત્યાં છે એ વાત બરાબર ખ્યાલમાં રાખવી અને નમાલા પોચા દુબળા પ્રાણીઓથી પ્રગતિ સાધી શકાતી નથી એ વાત આ આખા ચરિત્રમાં ધ્યાન રાખવા જેવી છે. ત્રિપૃષ્ઠની શક્તિનો અત્યારે કેવો ઉપયોગ થઈ રહ્યો છે તે હવે જોઇએ.

નૈસર્ગિક શક્તિથી અને શરીર બંધારણ તથા કસરતના જોરથી બહાદુર બનેલા ત્રિપૃષ્ઠમાં માનસિક ગુણો પણ ભારે સરસ ખીલ્યા હતા. એનામાં ક્રોધ નહોતો, છતાં એનો રોફ એવો જબરો હતો કે એની સામે મીટ માંડવામાં પણ માણસ કેટલીક વાર નીચું જોઇ જાય. એની નમ્રતા સાથે એણે સ્પષ્ટવક્તાપણું ખીલવ્યું હતું. એનામાં ગૃહસ્થાઈ સાથે ગૌરવ હતું, આધીનતા સાથે આજ્ઞાંકિતપણું હતું, વાત્સલ્યભાવના વિકાસ સાથે મક્કમપણું ખીલવ્યું હતું અને સત્તાવાહિતાના અંતરમાં જલદ-પણું, કાર્યસાધકપણું અને લશ્કરી શિસ્ત જામી ગયા હતા; તદ્દન નાની વયમાં ઉગતા યુવાનમાં આટલું સાહસ, આટલો વિવેક, આટલી શક્તિ અને છતાં આટલી ભક્તિ અને આગેવાન થવા યોગ્ય ગુણોનું એકીકરણ લગભગ અશક્ય ગણાય. એનો સૌથી પ્રધાન ગુણ અથવા એની મુખ્ય ખાસીઅત એની સત્તાવાહિતા હતી. એનો અવાજ, એની રીતભાત, એની બોલાચાલી એને કુદરતી આગેવાન–નેતાનું સ્થાન અપાવી રહ્યા હતા, અને બાપા બેઠા હતા, રાજ્ય કરતા હતા અને અચળ મોટો ભાઇ હતો, છતાં અત્યારથી જ નાનકડા ત્રિપૃષ્ઠનું જ રાજ્ય હોય એવો બધો ઉઠાવ થઇ રહ્યો હતો અને ત્રિપૃષ્ઠના આંતર જુસ્સાને કારણે એને સત્તા સ્થાપવામાં, જમાવવામાં અને ભોગવવામાં જરાપણ પોતે વધારે પડતો ભાગ લે છે એમ લાગતું જ નહોતું. એ તો જન્મથી નેતા થઈ પડ્યો હતો અને ઘરના કે રાજ્યના સર્વ માણસો એની ઇચ્છાને માન આપવાને ટેવાઈ ગયા હતા. એની આ પ્રકૃતિને કારણે જ એણે તુંગગિરિ પર ડંકો વગાડ્યો હતો, એની એ પ્રકૃતિને કારણે જ એણે બે વખત અશ્વગ્રીવના મુખ્ય દૂતોનાં જાહેર અપમાન કર્યાં હતાં અને એ જ સ્વભાવને લઇને એણે અત્યારે અશ્વગ્રીવ મહારાજ રાજેશ્વર પર આક્રમણ કરવાની તૈયારી માંડી હતી. નામના રાજા પ્રજાપતિ હતા, પણ ખરા રાજા ત્રિપૃષ્ઠ હતા અને તેની આ પદ્ધતિ રાજા પ્રજાપતિએ વચને કારણે અને વડીલ ભાઇ અચળે સૌહાર્દથી, સ્નેહથી, વહાલથી સ્વીકારી લીધી હતી. એટલે તૈયારીઓની સાથે ત્રિપૃષ્ઠનું નામ ચાલતું થઈ ગયું અને જાણે આખી લડાઇ ત્રિપૃષ્ઠ અને અશ્વગ્રીવ વચ્ચે થવાની હોય એવો જ સાર્વત્રિક દેખાવ અને પડકાર થઇ ગયો.

પોતનપુરથી રથાવર્તગિરિ નજીક હતો. ત્યાં લડાઈ કરવાનું આહ્વાન જ્વલનજટીએ અત્યાર અગાઉ કરી દીધું હતું. ઘણા મોટા લશ્કરની જમા-વટ કરવામાં આવી. તેમને માટે ખોરાક, હથિયારો અને ઘાસચારો; ઘોડા, ગાય, ભેંસ વગેરેની પૂરતી ગોઠવણ કરી ત્રિપૃષ્ઠનું લશ્કર રથાવર્તગિરી પર પહેલું પહોંચ્યું. રથાવર્તગિરિ પર નામથી પ્રજાપતિનું પણ સરદારીની નજરે ત્રિપૃષ્ઠનું લશ્કર ગિરિ પર ગોઠવાઇ ગયું.

( ચાલુ )

નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણાં, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતિમ પુરૂષાર્થ

લે. શ્રી નર્મદાશંકર જ. શાસ્ત્રી
( સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ રાષ્ટ્રભાષારત્ન S. T. C )

મોક્ષપ્રાપ્તિ માનવજીવનનો અંતિમ પુરૂષાર્થ છે. આ માટે સૃષ્ટિની ઉત્પત્તિથી આજ સુધી અનેક આચાર્યોએ ભિન્ન ભિન્ન સાધનોનું નિદર્શન કરેલ છે, અને તે સાધનો તે સમયને લક્ષ્યમાં રાખી યોજવામાં આવેલ છે. આ બધા સાધનોમાં સર્વોત્તમ અને સુગમ સાધન ભક્તિ છે. ભક્તિનો અર્થ ભગવાનની ઉપાસના, સેવા અને શરણાગતિ. આ જ શબ્દોને આપણે અનુક્રમે જ્ઞાન-કર્મ અને ભક્તિયોગના નામે ઓળખી શકીએ ખરા. આ ત્રણમાં એક અંગની ક્ષતિ હશે તો મોક્ષપ્રાપ્તિ દુર્લભ થઇ પડશે તે નિર્વિવાદ સત્ય હકીકત છે.

આ માટે સર્વ પ્રથમ માનવીએ ત્યાગ, સંયમ, સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, સંતોષ, વિચાર, શમ, સત્સંગ વિગેરે સદ્ગુણોનું જ્ઞાનપૂર્વક મન-વચન અને કર્મથી પાલન કરવું જોઇએ. ઉપર્યુક્ત સદ્ગુણોનો કેવલ શાબ્દિક અર્થ ન લેતા આત્માની ઉન્નતિ અર્થે પ્રયાસ કરનાર અર્થ લેવો અતિ આવશ્યક છે, તેની વ્યાખ્યા આ પ્રમાણે છે.

ત્યાગ એટલે સમ્પૂર્ણ ભૌતિક પદાર્થોથી અલિપ્ત રહેવું, સંસાર દશામાં લક્ષ્મી મેળવીને હર્ષિત ન થવું, સત્કાર્યમાં ધનનો વ્યય કરવો, સુખમાં ફૂલાઈ ન જવું અને દુ:ખથી ગભરાઈ ન જઇ યથાશક્તિ તન-મન-ધનથી સંતોષ રાખવો. આ વાતની ખાસ નોંધ રાખવી કે દ્રવ્યત્યાગથી વિદ્યાદાન, વિદ્યાદાનથી અભયદાન શ્રેષ્ઠ છે. શરીરત્યાગથી ઇન્દ્રિયત્યાગ, ઇન્દ્રિયત્યાગથી મનનો ત્યાગ અને મનના ત્યાગથી મમતાનો ત્યાગ શ્રેષ્ઠ છે.

સંયમ એટલે ઇન્દ્રિયનિગ્રહ. મનુષ્ય ઇન્દ્રિયોને વશ થવાથી દુ:ખી થાય છે અને તેને વશ કરવાથી સુખી થાય છે. તેથી ઇન્દ્રિયોને વશ રાખવી તે શ્રેષ્ઠ છે, પરંતુ આ કાર્ય બુદ્ધિનું છે. અર્થાત્ ઇન્દ્રિયોથી મન શ્રેષ્ઠ, મનથી બુદ્ધિ, બુદ્ધિથી જ્ઞાન, જ્ઞાનથી જ્ઞાની શ્રેષ્ઠ છે. તે જ મન શ્રોત્રાદિક ઇન્દ્રિયો દ્વારા વિષયોનો અનુભવ કરી દુ:ખી થાય છે. પરંતુ જો વ્યક્ત પદાર્થથી પર રહે તો અમૃતત્વ પ્રાપ્ત કરે છે.

સત્ય એટલે મન-વચન અને શરીરથી જે પદાર્થનો યથાર્થ અનુભવ થાય, વાક્યની પ્રવૃત્તિ જનકલ્યાણકારી હોવી જોઇએ. વિનાશકારી નહિ. સત્ય સન્ધ વ્યક્તિનું વચન અમોઘ હોય છે. સ્વભાવિક રીતે વ્યવહારિક અને નિશ્ચયથી-તે ભેદથી-સત્ય બે પ્રકારે છે.

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ-પરમાત્માનું અન્ય સ્વરૂપ. આ સ્વરૂપમાં લીન થવું તેનું નામ બ્રહ્મચર્ય. આ સ્થિતિએ પહોંચનાર વ્યક્તિ સંસારિક પદાર્થોથી અલિપ્ત રહે તે નવાઇની વાત નથી. તેથી પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યનું સ્થાન શ્રેષ્ઠ મનાય છે. બ્રહ્મચારીમાં આળસ, જડતા, નિન્દ્રાનું પ્રાચુર્ય, ઇન્દ્રિય લોલુપતા આદિનો સર્વથા અભાવ હોય છે. બ્રહ્મચર્યના પાલનથી આત્મિક શક્તિ વિકસે છે.

અહિંસા એટલે મન-વચન અને કાર્યથી સુક્ષ્માતિસુક્ષ્મ જીવથી પંચેન્દ્રિય મનુષ્ય સુધી કોઈ પણ જીવને અશાન્તિ ન પહોંચાડવી આ વ્રતથી વિશ્વ વશ થાય છે, આનાથી માનવમાં વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના જાગૃત થાય છે, સંસાર નંદનવન બને છે.

સંતોષ એટલે જ્ઞાનરાશિ અને અજ્ઞાનનો નાશ. જે અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા ન કરે અને અનિચ્છિત પ્રાપ્ત થયેલ ઇષ્ટમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ રહિત શાસ્ત્રાનુસાર કાર્ય કરે તેનું નામ સન્તોષ. સન્તોષ એટલે ઇચ્છાઓનો નાશ. સન્તોષી એટલે કાયર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક–સાર્થ

: ( ૩૨ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૩૩) જેમ જીવોએ દેવત્વ અને નૃપત્વ આદિ ભાવો અનેક વાર પ્રાપ્ત કર્યા છે તેમ ઇન્દ્રત્વ તીર્થંકરત્વ–ભાવિતાત્મા અનગારત્વ–ચક્રિત્વ–વાસુદેવત્વ આદિભાવો અનંતીવાર પ્રાપ્ત કર્યા છે કે નહિ ?

ઉ૦—દેવેન્દ્રત્વાદિ ભાવો અનંતીવાર પ્રાપ્ત કર્યા જ નથી, બાકીના સર્વે ભાવો અનંતવાર પ્રાપ્ત કર્યા છે. આચારાંગ સૂત્રની ટીકામાં પહેલા ઉદ્દેશામાં કહેલ છે કે–देविंदचक्कवट्टित्तणाइ मोत्तुण तित्थयर भावं ॥ अणगार भाविआप्पा विय सेसाय अणंतसो पत्ता ॥ १ ॥

**ભાવાર્થ**—દેવેન્દ્ર-ચક્રવર્તિપણુ-તીર્થંકરપણુ-ભાવિતાત્મા અનગારપણુ, વાસુદેવપણું એટલા ભાવોને છોડીને બાકીના ભાવો અનંતવાર પ્રાપ્ત કર્યા છે.

પ્ર૦—(૧૩૪) દ્રવ્ય અને ભાવ મનનું શું સ્વરૂપ છે, તથા દ્રવ્ય મન સિવાય ભાવ મન હોય કે નહિ, અને ભાવ મન વગર દ્રવ્ય મન હોય કે નહિ ?

ઉ૦—સંજ્ઞિ પંચેન્દ્રિય જીવો, મનઃપર્યાપ્તિ નામ કર્મના ઉદયથી મનને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને મનરૂપે પરિણમાવેલા હોય તે દ્રવ્ય મન કહેવાય છે, હવે તે મનોદ્રવ્યનો આલંબન લઇને જે મનનો વ્યાપાર માનસિક પ્રવૃત્તિ તે ભાવ મન કહેવાય છે, જેને માટે નંદી અધ્યયનની ચૂર્ણિકાર કહે છે કે–"मणपज्जत्ति नामकम्मोदय तो जोगो मणो दव्वे घेत्तुं मणत्तेण परिणामिया दव्वा दव्वमणो भण्णइ" जीवोपुण मणणपरिणाम किरियावंतो भावमणो किं भणियं होइ, मणदव्वाणलंबणो जीवस्स मणणवावारो भावमणो भण्णइत्ति" આનો અર્થ ઉપર આપેલ છે, તથા અસંજ્ઞિની માફક દ્રવ્ય મન વગર ભાવ મન ન હોય, પરંતુ દ્રવ્ય મન તો ભવસ્થ કેવલિની માફક ભાવમન સિવાય પણ હોય છે, यदुक्तं लोकप्रकाशे द्रव्यचित्तं विना भावचित्तं न स्यादसंज्ञिवत् ॥ विनाऽपि भावचित्तंतु द्रव्यतो जिनवत् भवेत् ॥ १ ॥

---

નહિ પરંતુ વીર. માનવમાં આજીવન ઇચ્છારૂપી ધૂળ ઉડતી જ રહેવાની પણ સંતોષરૂપી વર્ષાથી શાંત થશે.

વિચાર એટલે શુદ્ધ હૃદયનું ઝરણું. વિચારથી મોહ નાશ પામે છે, ચતુર્થ પુરૂષાર્થ વિચારની દક્ષતાથી પ્રાપ્ત થાય છે, સંસારની વાસનાઓ રૂપી રોગોનો નાશ કરવામાં વિચાર ઔષધિ સમાન છે. જેનાથી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ તે વિચાર બીજો અવિચાર.

શમ એટલે મનરૂપી લંકાને બાળનાર હનુમાન. આ સંસાર મનથી ઉત્પન્ન થાય છે. મન એ જ સુખ દુઃખનું કારણ છે. મનને આધીન થવાથી સંસાર વધે છે અને તેને વશ કરવાથી સંસારનો નાશ થાય છે. આત્મજ્ઞાનરૂપી વૃક્ષ છે, તેનું ફળ શાંતિ છે, અને શમ ફૂલ છે, જેનાથી અલિપ્ત રહી શકાય છે.

સત્સંગ એટલે આત્મજ્ઞાનનું પ્રબળ સાધન. મોહરૂપી વૃક્ષનો નાશ કરનાર સત્સંગરૂપી કુહાડો છે. સત્સંગ પ્રાપ્તિ પ્રારબ્ધ અને પુરૂષાર્થથી થાય છે. સત્સંગથી જ્ઞાનદીપક પ્રકટે છે અને અજ્ઞાનાંધકાર નાશ પામે છે. સત્સંગથી ભોગનિવૃત્તિ થાય છે અને છેવટે આનંદઘન બનાય છે.

ઉપરના તત્ત્વોને મનન કરી આચરણમાં મૂકવા જોઇએ અવિદ્યાનો અંધકાર, વાસનાની ગંદકી અને અભિમાનની દુર્ગંધનો ત્યાગ એટલે અંતિમ પુરૂષાર્થ–મુક્તિ–ની પ્રાપ્તિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો અર્થ ઉપર આપેલ છે, આ પ્રમાણે ભાવમન વગર પણ દ્રવ્યમન હોય છે. ભવસ્થ કેવલિની માફક એમ પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં પણ કહેલ છે, આ ઉપરથી સર્વે એકેન્દ્રિય જીવો અને અસંજ્ઞિ જીવોને દ્રવ્યમનનો અભાવ હોવાથી ભાવમન પણ નથી એમ જણાવ્યું.

કિંચવળી જ્યારે ભાવમન શબ્દવડે ચૈતન્ય માત્રની વિવક્ષા કરીએ ત્યારે તો દ્રવ્યમન સિવાય પણ ભાવમન હોય જ અને તે અસંજ્ઞિ જીવોને પણ છે જ, આ જ અભિપ્રાયથી ભગવતીસૂત્ર અને ટીકામાં પણ ભાવમનના ઉપયોગવાળા જીવોની પરભવમાં ઉત્પત્તિ કહેલ છે, तथा च तत्पाठः– " नो इंदिओ उवउत्ता उववज्जंति, ટીકા–नोइन्द्रियं मनः तत्र च यद्यपि मनःपर्याप्त्यभावे द्रव्यमनो नास्ति तथापि भावमनश्च चैतन्य रूपस्य सदा भावात्, तेनोपयुक्तानामुत्पत्तेः, नोइन्द्रियोपयुक्ता उत्पद्यन्ते इत्युच्यते આ પ્રમાણે ૧૩ શતના ૧ ઉદ્દેશામાં કહેલ છે. **ભાવાર્થ**–નોઇન્દ્રિય એટલે મન તે એકેન્દ્રિય અને અસંજ્ઞિજીવોમાં જો કે મનઃપર્યાપ્તિના અભાવે દ્રવ્યમન નથી તો પણ ચૈતન્યસ્વરૂપ ભાવમન તો સર્વદા છે તેથી ભાવમનના ઉપયોગપૂર્વક ઉત્પન્ન થાય એમ કહેવાય છે.

**પ્ર૦—(૧૩૫)** " सव्वजीवाणं पियणं अक्खरस्स अणंतो भागो निच्चुग्घाडिओ " इति वचनात् સિદ્ધાન્તમાં સર્વજીવોને અક્ષરનો અનંતમો ભાગ સર્વદા ઉઘાડો ખુલ્લો હોય છે એમ કહેલ છે તો ત્યાં અક્ષર શબ્દથી શું લેવાય છે?

**ઉ૦**—મુખ્યવૃત્તિએ તો અક્ષર શબ્દથી આ સ્થળે કેવલજ્ઞાન ગ્રહણ કરાય છે, અને પ્રસંગને અનુસરીને મતિ અને શ્રુતજ્ઞાન પણ લેવાય છે. બૃહદ્કલ્પની ટીકામાં અક્ષરશ્રુતના અધિકારમાં અને નંદી સૂત્રની ટીકામાં શ્રુતજ્ઞાનના અધિકારમાં એ પ્રમાણે જ કહ્યું છે, તથાચ તાવદ્ બૃહદ્કલ્પ વૃત્તિ પાઠ–सर्वाकाशप्रदेशेभ्योऽनन्तगुणं ज्ञानमिदानिं यथा तदक्षरमुच्यते तथा भाव्यति **ભાવાર્થ**–હમણા જે પ્રકારે સર્વ આકાશ પ્રદેશથી અનન્તગુણો જ્ઞાન છે તે અક્ષર કહેવાય છે તે પ્રકારે એનો વિચાર કરાય છે–णाणं तु अक्खरं जेण खरति न कयाइ तंतु जीवा ॥ तो तस्स उ अणंत भागो न वरिज्जति सव्वजीवाणं ॥ १ ॥ **ભાવાર્થ**–જે કારણવડે તે જ્ઞાન કદાપિ કાલે જીવથી જુદું પડતું નથી તે કારણવડે જ્ઞાન અક્ષર કહેવાય છે, શંકા–કદાપિ કાલે જ્ઞાન જીવથી જુદું પડતું નથી એ શી રીતે જાણી શકાય? સમાધાન–તે અક્ષરનો અનન્તમો ભાગ અતિ પ્રબલ જ્ઞાનાવરણીય કર્મના ઉદયવડે પણ સંસારમાં રહેલા સર્વ જીવોને ઢંકાતો નથી, " उक्तं च–सव्वजीवाणं पियणं अक्खरस्स अणंतो भागो निच्चुग्घाडिओ नित्योद्घाटो " એટલે સર્વદા ખુલ્લો જીવના પ્રદેશો કોનાવડે ઢંકાય છે કે જેનાથી જ્ઞાનનો અનન્તમો ભાગ સર્વદા અપ્રાવૃત્ત ખુલ્લો જ રહે–" इक्केक्को जियदेसो नाणावरणस्स हुंतणं तेहिं ॥ अविभागेहिं आवरितो सव्वजियाणं जिणे मोत्तुं " ॥ १ ॥ **ભાવાર્થ**–કેવલજ્ઞાનીને મુકીને બાકીના સર્વ જીવોના એક એક જીવ પ્રદેશ જ્ઞાનાવરણીય કર્મના અનંત અવિભાગ જેના એકના બે ભાગ ન થઈ શકે એવા અંશોવડે ઢંકાએલા છે, શંકા–જો એમ છે તો જ્ઞાનનો અનંતમો ભાગ અપ્રાવૃત ખુલ્લો કેમ હોય.

સમાધાન–जइपुण सो विवरेज्जइ तेणं जीवो अजीवयं गच्छे ॥ सुट्टुवि मेहसमुदये होइ पहा चंदसूराणं ॥ १ ॥ **ભાવાર્થ**–જેમ આકાશમાં મેઘના વાદળાનો સમૂહ અતિશય ઘેરાયો હોય તોપણ તથા-પ્રકારના સ્વભાવથી ચંદ્ર અને સૂર્યની પ્રભા હોય છે. પ્રત્યક્ષ જણાય છે તેમ જીવનો એક એક પ્રદેશ અનંતજ્ઞાનાવરણીય કર્મના અંશોવડે ઢંકાયા છતાં પણ જીવના તથા પ્રકારના સ્વભાવથી જ્ઞાનનો અનંતમો ભાગ સર્વદા ખુલ્લો જ રહે છે, કર્મના અંશોવડે ઢંકાતો નથી, તે જો ઢંકાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય તો જડપણું પ્રાપ્ત થવાથી જીવ તે ઘડાની માફક અજીવપણાને પામે, શંકા-જેટલા પૃથ્વીકાય આદિ જીવો છે તેમનું જ્ઞાન તો કર્મના આવરણથી સર્વથા ઢંકાએલ છે, તો પછી જ્ઞાનનો અનંતમો ભાગ સર્વદા ઉઘાડો છે એમ કેમ કહેવાય? **સમાધાન-अव्वत्तमक्खरं पुण पंचण्ह वि थीणंगिद्धिसहिएणं॥ नाणावरणुदएणं बिदिईयमाकमविसोही ॥ १ ॥ ભાવાર્થ**-પાંચે પૃથ્વીકાય આદિ વનસ્પતિકાય સુધીના જીવોને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રાસહિત જ્ઞાનાવરણીય કર્મના ઉદયવડે સુતેલ-પ્રમત્ત-મૂર્છિત મનુષ્યની માફક અસ્ફુટ જ્ઞાન હોય છે, તેથી થાવર જીવોમાં પણ જ્ઞાન સર્વથા કર્મથી ઢંકાએલ હોતુ નથી. તે થાવર જીવોમાં પણ પૃથ્વીકાયના જીવોને જ્ઞાન ઘણું અસ્ફુટ હોય છે, તેના કરતા પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિકાયના જીવોને જ્ઞાન અનુક્રમે વિશુદ્ધતર હોય છે, આ વાત અમે ચૂર્ણિકારના વચનથી લખી છે. ત્યાર પછી અનુક્રમે બે ઇન્દ્રિય વિગેરે જીવોમાં અક્ષરજ્ઞાનની વિશુદ્ધિ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા દેવો સુધી જાણવી. ત્યારપછી ચતુર્દશપૂર્વધરોને સર્વવિશુદ્ધ અક્ષરજ્ઞાન હોય છે, " **तं चिय विसुज्झमाणं बिंदियमादि कमेण विन्नेयं ॥ जा होंति णुत्तरसुरा सव्वविसुद्धं तु पुव्वधरे ॥ १ ॥ ભાવાર્થ**-અત્ર જો કે પ્રથમ અક્ષર સર્વ આકાશ પ્રદેશથી અનંતગુણો કેવલજ્ઞાનને માનેલ છે. સર્વદા અપ્રાવૃત એટલે ઉઘાડો પણ અનંતભાગ તે કેવલજ્ઞાનનો જ છે તો પણ કેવલજ્ઞાનની માફક શ્રુતજ્ઞાનનો પણ અનંતભાગ સર્વદા અપ્રાવૃત છે એટલે ઉઘાડો છે. આ પ્રમાણે અક્ષરશ્રુતનું સ્વરૂપ કહ્યું છે. નંદીસૂત્રની ટીકાનો પાઠ આ પ્રમાણે છે-" **तथा च आकारादिकं सर्वद्रव्यपर्यायपरिमाणं, तथा मत्यादीनि अपि ज्ञानानि द्रष्टव्यानि न्यायस्य समानत्वात्** " તેમ જ આકારાદિક સર્વ દ્રવ્યના પર્યાયના પ્રમાણ જેટલા છે, તે પ્રમાણે મતિ આદિ જ્ઞાનો પણ જાણવા; કેમકે ન્યાય તો સરખો જ હોય, અત્ર જો કે સર્વજ્ઞાન, સામાન્યતયા અક્ષર કહેવાય છે અને સર્વ દ્રવ્યના પર્યાયના પ્રમાણ જેટલું હોય છે, તો પણ અત્ર શ્રુતજ્ઞાનના અધિકારમાં અક્ષર એટલે શ્રુતજ્ઞાન જાણવું, શ્રુતજ્ઞાન મતિ વગર હોય નહિ તેથી મતિજ્ઞાન પણ ગ્રહણ કરવું, તેથી આ પ્રમાણે જે શ્રુતજ્ઞાન અકારાદિ ઉત્કૃષ્ટથી સર્વદ્રવ્યના પર્યાયના પ્રમાણવાળું છે તે સર્વોત્કૃષ્ટ શ્રુતકેવલી દ્વાદશાંગને જાણકારને જ ઘટે છે, બીજાને નહિ, તેથી જીવોને શ્રુતજ્ઞાનનો અનાદિ ભાવ જઘન્ય અથવા મધ્યમ જાણવો પણ ઉત્કૃષ્ટ નહિ ॥ **શંકા**-જીવને શ્રુતજ્ઞાનનો અનાદિ ભાવ કેવી રીતે ઘટે, જ્યાં સુધી જ્યારે પ્રબલ શ્રુતજ્ઞાનાવર અને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રારૂપ દર્શનાવરણનો ઉદય સંભવે છે ત્યારે સમગ્ર શ્રુતજ્ઞાનના આવરણની સંભાવના કરાય છે, જે પ્રકારે અવધિઆદિ જ્ઞાનનો આવરણ થાય તેમ, અવધિજ્ઞાનની માફક શ્રુતજ્ઞાન પણ આદિવાળુ જ ઘટે છે, અનાદિમત નહિ તો પછી ત્રીજા અને ચોથા ભાંગાનો સંભવ કેવી રીતે હોય ( ૧ અનાદિ સાન્ત-અનાદિ અનંત ) **સમાધાન-अत आह " सव्वजीवाणंपि "** **इत्यादि** સર્વજીવોને અક્ષર એટલે શ્રુતજ્ઞાનનો અને શ્રુતજ્ઞાન મતિજ્ઞાન વગર તો હોતુ નથી તેથી મતિજ્ઞાનનો પણ અનંતમો ભાગ સર્વદા ઉઘાડો જ હોય છે. તે અનંતમો ભાગ પણ અનેક પ્રકારનો હોય છે, તેમાં સર્વ જઘન્ય ચૈતન્યમાત્ર જેટલો અનંતમો ભાગ તો સર્વોત્કૃષ્ટ શ્રુતાવર અને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રાના ઉદયમાં પણ ઢંકાતો નથી તથા પ્રકારે જીવનો સ્વભાવ હોવાથી, તેમજ " **जईत्यादि** " જો તે અનંતમો ભાગ પણ કર્મના આવરણથી ઢંકાઇ જાય તો જીવ તે અજીવપણું પામે, **जीवोहि चैतन्य लक्षण:** જીવ ચૈતન્ય સ્વરૂપ છે, તેથી જો પ્રબલ શ્રુતજ્ઞાનાવરણ અને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રાના ઉદયમાં ચૈતન્ય માત્ર પણ ઢંકાઇ જાય તો જીવના સ્વભાવના પરિત્યાગવડે અજીવપણું પ્રાપ્ત થાય, એ પ્રમાણે જોયું નથી અને ઇષ્ટ પણ નથી; કારણ કે સર્વ વસ્તુ સર્વદા પોતપોતાના સ્વભાવને છોડતી નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો

## [ લેખાંક ૯ : આઠ પ્રાતિહાર્યો ]

લેખક : **હીરાલાલ ર. કાપડીયા** એમ. એ.

**શબ્દ**–'પ્રાતિહાર્ય' એ સંસ્કૃત શબ્દ છે, જ્યારે એને માટેનો પાઈય શબ્દ 'પાડિહેર' છે. આ બંને શબ્દ આગળ 'મહા' જોડીને પણ વ્યવહાર કરાય છે.

**સંખ્યા**–પ્રાતિહાર્યો આઠ છે.

**નામ**–**અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૪)માં આઠ પ્રાતિહાર્યોનાં નીચે મુજબનાં નામો રજુ કરતું એક સંસ્કૃત *પદ્ય અવતરણરૂપે અપાયું છે:–

(૧) અશોક વૃક્ષ, (૨) (સુરકૃત) પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દુન્દુભિ અને (૮) આતપત્ર યાને છત્ર.

આઠ પ્રાતિહાર્યોનાં નામ પૂરું પાડતું પ્રાચીન પાઇય પદ્ય નીચે મુજબ છે:–

**कङ्किल्लि कुसुमवुट्ठिदिव्वझुणी चामरासणाइं च ।**
**भामण्डल भेरि छत्तं जयन्ति जिणपाडिहेराइं ॥**

એની સંસ્કૃત છાયા હું નીચે મુજબ રજૂ કરું છું.

**अशोक–कुसुमवृष्टि–दिव्यध्वनि–**
**चामरासनानि च ।**
**भामण्डल–भेरि–छत्राणि जयन्ति**
**जिनप्रातिहार्याणि ॥**

આઠ પ્રાતિહાર્યો વિષે કોઇ પ્રાચીન અને પ્રામાણિક દિગંબરીય કૃતિમાં ઉલ્લેખ હોય તો તે જાણવામાં નથી.

**વર્ણન**–પદ્મવિજયે "જિનજી ત્રેવીસમો જિન પાસ"થી શરૂ થતા **પાર્શ્વનાથ**ના સ્તવનમાં આઠ પ્રાતિહાર્યોનું વર્ણન કર્યું છે.

**પ્રાતિહાર્યોનો પરિચય**–આઠે પ્રાતિહાર્યો વિષે ખપપૂરતી માહિતી મેં **શોભન** મુનિકૃત **સ્તુતિચતુર્વિંશતિકા** (શ્લો ૯૪)ના સ્પષ્ટીકરણ (પૃ. ૨૯૧–૨૯૬)માં ગુજરાતીમાં આપી છે એટલે એ વાત અહીં જતી કરું છું. આથી એ વાત નોંધીશ કે શ્વેતાંબરોના મંદિરોમાં વપરાતાં ચામરો કરતાં દિગંબરોનાં મંદિરોમાં વપરાતા ચામર જુદી જાતનાં છે તો આ બેમાં વધારે પસંદ કરવા લાયક ચામર કયાં ?

દુન્દુભિ એ એક પ્રકારનું ઢોલ (Kettle-Drum) છે એને લગતી માહિતી મેં "The Jaina Data about Musical Instruments" નામની મારી લેખમાળામાં આપી છે અને એ લેખમાળા Journal of the oriental

* આ રહ્યું એ પદ્ય:–
"अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥"

---

તે જ વિષયમાં દૃષ્ટાંત આપે છે કે પ્રબલ મેઘના સમુદાયમાં પણ ચંદ્ર સૂર્યની પ્રભા હોય છે, એનો ભાવ આ પ્રમાણે છે. અતિશય ગાઢ મેઘના સમુહવડે ઢંકાએલ ચંદ્ર અને સૂર્યની પ્રભાનો એકાન્તે નાશ થતો નથી, સર્વ વસ્તુનો સર્વથા સ્વભાવને દૂર કરવો તે અશકય છે, એ પ્રમાણે અનંતાનંત એવા જ્ઞાનાવરણ દર્શનાવરણ કર્મપરમાણુઓવડે એક એક આત્મપ્રદેશ વિંટાયા છતાં એકાન્તે ચૈતન્યમાત્રનો અભાવ થતો નથી, તેથી જે સર્વજઘન્ય ચૈતન્યમાત્ર અક્ષરનો અનંતમો ભાગ છે તે મતિ અને શ્રુતજ્ઞાનરૂપ જાણવું. આથી એમ સિદ્ધ થાય છે કે અક્ષરનો અનંતમો ભાગ સર્વદા ઉઘાડો છે અને એ પ્રમાણે સિદ્ધ થવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો અનાદિપણું માનવામાં વિરોધ નથી એ વાત નિશ્ચિત છે ॥૧૩૫॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Institute ( Vol. II, Nos. 3-4; Vol. III, No. 2 & Vol. IV, No. 4 )માં છપાઈ છે.

**તીર્થંકરના બાર ગુણો અને પ્રાતિહાર્યો–** તીર્થંકરના બાર ગુણો તરીકે ચાર મૂલાતિશય અને આઠ પ્રાતિહાર્યો ગણાવાય છે. આઠ પ્રાતિહાર્યો એ દેવકૃત ભક્તિના પ્રદર્શનરૂપ છે અને એ મુખ્યતયા પૂજાતિશયને આભારી ગણાય છે; તો પછી બાર ગુણોમાં ચાર મૂલાતિશયો ઉપરાંત એના ફળરૂપ પ્રાતિહાર્યો ગણાવવા તે શું ઉચિત છે?

આઠ પ્રાતિહાર્યો એ કંઇ આત્માની–આંતરિક વિભૂતિ નથી. એ તો બાહ્ય વિભૂતિ છે અને એવું કાર્ય તો **આપ્તમીમાંસા**ના આદ્ય પદ્યમાં સૂચવાયા મુજબ કોઇ માયાવીને અંગે પણ સંભવે છે. આ પરિસ્થિતિમાં આઠ પ્રાતિહાર્યો એ તીર્થંકરના ગુણ કેમ ગણાય?

( લેખાંક ૧૦ )

# અતિશયો અને પ્રાતિહાર્યો સંબંધી વિશિષ્ટ વિચારણા

આ પ્રસ્તુત લેખમાળાનો અંતિમ લેખાંક છે. એ દ્વારા હું નિમ્નલિખિત બાબતો રજૂ કરવા ઇચ્છું છું:–

(૧) તારવણી, (૨) પ્રશ્નાવલી અને (૩) પ્રકાશન.

## ( અ ) તારવણી

**અતિશયના બે અર્થ**–'અતિશય' શબ્દ (૧) 'મૂલાતિશય' તેમજ (૨) 'ચોત્રીસ અતિશયો તરીકે ઓળખાવાતા અતિશયોમાંનો ગમે તે એક અતિશય' એમ બે અર્થમાં વપરાયો છે.

**અતિશયના પર્યાય**–અતિશયના 'અતિશેષ' અને 'અતિશેષક' એમ બે પર્યાયો છે. પાઇયમાં એને 'અઇસય' અને 'અઇસેસ' કહે છે. ગુજરાતીમાં તો 'અતિશય' શબ્દ જ વિશેષતઃ વપરાયેલો જોવાય છે.

**અતિશયની વ્યુત્પત્તિ**–આ વ્યુત્પત્તિ **અભિધાનચિન્તામણિ** ( કાંડ ૧, શ્લો. ૫૮ )ની સ્વોપજ્ઞ વિવૃતિ ( પૃ. ૧૯ )માં અપાઇ છે.

**અતિશયોની સંખ્યા**–તીર્થંકરના અતિશયો અનેક છે. તેમ છતાં સામાન્ય રીતે ચોત્રીસ ગણાવાયા છે. આ ૩૪ની સંખ્યા જૈનોના મુખ્ય બંને સંપ્રદાયોને–શ્વેતાંબરોને તેમજ દિગંબરોને માન્ય છે.

**મૂલાતિશયોનો ઉલ્લેખ**–ગ્રંથના મંગલશ્લોકમાં તીર્થંકરને અંગે જે વિશેષણ કે વિશેષણો વપરાયાં હોય તે કયા કયા અતિશયનું સાક્ષાત્ કે ઉપલક્ષણથી સૂચન કરે છે એ બાબત કેટલીક કૃતિઓમાં વિચારાઈ છે.

**મૂલાતિશયોનું નિરૂપણ**–મૂલાતિશયોને લગતી કેટલીક હકીકત કોઈ કોઇ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી કૃતિમાં જોવાય છે.

**વાણીના ૩૫ ગુણો**–આને લગતી માહિતી ( ઓછી કે વત્તી ) સંસ્કૃત, પાઇય, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં લખાયેલી કોઇ કોઇ કૃતિમાંથી મળે છે.

**ચોત્રીસ અતિશયો**–'બુદ્ધાઇસેસ'ના નામથી આ અતિશયો **સમવાય** ( સ. ૩૪ )માં ગણાવાયા છે.

**ચોત્રીશ અતિશયોનું વર્ગીકરણ**–શ્વેતાંબર તેમજ દિગંબર ગ્રંથકારોએ ચોત્રીસ અતિશયોના (૧) સહજ, (૨) કર્મક્ષય જ અને (૩) દેવકૃત જેવા ત્રણ વર્ગ પાડ્યા છે, પરંતુ એ વર્ગદીઠ નામો ગણાવવામાં એકવાક્યતા નથી. શ્વેતાંબરોમાં પણ અતિશયોના નામ ભિન્ન ભિન્ન રીતે નોંધાયેલા જોવાય છે. મતાંતરની નોંધ **અભયદેવસૂરિએ**, કલિ. હેમચન્દ્રસૂરિએ, **સિદ્ધસેનસૂરિએ** એમ કેટલાક મુનિવરોએ કરી છે.

**ચોત્રીશ અતિશયોનું નિરૂપણ**–૩૪ અતિશયોને લગતી માહિતી પાઇય ( અદ્ધમાગહી તેમજ જઇણ મરહટ્ઠી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી કૃતિઓમાં અપાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# योगीराज चिदानन्दजी के तीन अप्रकाशित पद

सं. अगरचंद नाहटा

श्वे. जैन आध्यात्मिक योगीराजों में आनंदघन के बाद चिदानंदजी का विशिष्ट स्थान है। उनकी रचनाओं को मुनि श्री कपूरविजयजीने चिदानंद सर्वसंग्रह के नाम से सुसंपादित कर प्रकाशित किया था। जैन धर्म प्रसारक सभा-और कुंवरजीभाई भावनगर का इसमें अच्छा योग रहा। कुंवरजीभाइने चिदानंदजी की बहत्तरी का गुजराती में अनुवाद भी किया था। कुछ महीने पूर्व अहमदावाद जाने पर विजयदेवसूरि के स्मृतिग्रंथ संग्रह में 'अनुभव विलास' की एक प्रति सात पत्रों की देखने में आई, जिस में चिदानंदजी के ४३ पद व स्तवन हैं। सं० १९०५ के चैत्र वदि द्वितीया को प्रेमचंदने मुनि कपूरचंदजी अर्थात् चिदानंदजी से लिखवाने पर यह प्रति लिखी थी। इस लिए उनकी विद्यमानता में उनके ही लिखाई हुई होने से इस प्रतिका बड़ा महत्त्व है। इस पद संग्रह का नाम 'अनुभव विलास' भी बड़े महत्व का है। संभवतः सं० १९०५ तक पदों की संख्या ७२ पूरी नहीं हो पाई थी, इस लिए बहत्तरी नाम पीछे से अन्य व्यक्ति द्वारा दिया गया होगा। वैसे अंबाला के जैन भंडार में बहत्तरी पदों की दो प्रतियाँ मेरे देखने में आई हैं। विजयदेवसूरि भंडार में प्राप्त प्रति के अन्त में "इति अनुभव विलास मांहेला स्तवन लिख्या छै। लखावितं मुनि कपूरचंदजीकृत आपनां लख्या छै। संवत् १९०५ ना चैत्र वद २ दने लखितं प्रेमचन्द।" यह प्रशस्ति लिखी मिली है। इस से यह ध्वनित होता है कि 'अनुभव विलास' इस प्रति में पूरा नहीं है, इसमें के कई स्तवन या पद ही इस

---

**આઠ પ્રાતીહાર્યો**-આનાં નામ સંસ્કૃતમાં પદ્યમાં કોઈકે દર્શાવ્યાં છે. એ પદ્ય **અ. જ. પ.**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૬, પૃ. ૪)માં ઉધ્ધૃત. કરાયું છે. એવી રીતે એને મળતું આવતું પાઠય પદ્ય **પવયણસારુદ્ધાર**માં ૪૪૦ મી ગાથારૂપે અને **વિચારસાર**માં ગા. ૪૬૧ રૂપે જોવાય છે.

**નિરૂપણ**-આઠે પ્રાતિહાર્યોનાં વિવિધ-આલંકારિકાદિ વર્ણનો મળે છે. એ પ્રાતિહાર્યોનું નિરૂપણ સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી કૃતિઓમાં જોવાય છે.

**વિવિધ ગણના**-તીર્થંકરોના અતિશયોનાં નામ ભિન્ન ભિન્ન રીતે ગણાવાયા છે. એ બધાને પૃથક્ ગણતાં અતિશયોની મુખ્ય સંખ્યા ૪૫ ની થાય છે. આ અતિશયો પૈકી **સમવાય**ની બે વાચના, **પવયણસારુદ્ધાર** અને **અભિ.** ચિ.માં ક્યા ક્યા અતિશયને સ્થાન અપાયું છે તે બાબત મેં કોષ્ટકદ્વારા રજૂ કરી છે. આમ ૩૪ અતિશયો ચાર રીતે ગણાવાયા છે. એથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે દરેક ગણત્રી પ્રમાણે જે અતિરિક્ત અગિયારને સ્થાન અપાયું નથી તેનો સમન્વય પ્રત્યેક ગણત્રી સાથે સાધી શકાય તેમ છે કે નહિ અને હોય તો શી રીતે?

**અંતર્ભાવ**-આઠ પ્રાતિહાર્યો પૈકી ભામંડળનો કર્મક્ષય જ (નહિ કે દેવકૃત) તરીકે નિર્દેશ કરાય છે, જ્યારે દેવકૃત અતિશયોની ચાર પ્રકારની ગણત્રી જે કોષ્ટક દ્વારા મેં રજૂ કરી છે, તે ગણત્રીમાંના ક્રમાંક ૨૨ તરીકે છત્ર, ૨૩ અને ૩૬ તરીકે ચામર, ૨૪ તરીકે સિંહાસન, ૨૬ તરીકે અશોક વૃક્ષ, ૩૨ તરીકે પુષ્પોની વૃષ્ટિ અને ૪૪ તરીકે દુન્દુભિનો ઉલ્લેખ જોવાય છે. આ હિસાબે દિવ્યધ્વનિરૂપ એક જ પ્રાતિહાર્યનો કોઈ પણ અતિશયમાં અંતર્ભાવ થતો હોય એમ જણાતું નથી. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रति में लिखे गए हैं । इस लिए 'अनुभव विलास' यह नाम केवल पदसंग्रह का रखा गया था या समस्त रचनाओं के संग्रह का, यह अभी निश्चय नहीं कहा जा सकता। 'अनुभव विलास' की कोई पूरी प्रति मिलेगी तभी इसकी निर्णय हो सकेगा।

अब इस प्रति में प्रकाशित बहत्तरी पदों के अतिरिक्त जो तीन अप्रकाशित पद प्राप्त हुए हैं उन्हें नीचे दिया जा रहा है:—

( १ ) राग-काफी

रहत प्रेम रस प्यागी हो, अभिअंतर मति मेरी । रहत० ॥
चातुक घन जो चकोर चंद मृग, सुणत नाद रस थागी ।
प्राण जाय पिण प्रीततजत नहीं, मच्छी जल अनुरागी हो ॥ अ० १ ॥
मधुकर मालति हंस सरोवर, कोकिल कली का त्यागी ।
और और रति पावति नाहीं, विनसत संग सोभागी हो ॥ अ० २ ॥
चिदानन्द मकड़ी के तार सम, उलट सुलट लव लागी ।
सहज सुभाव सुधारस चाख्यो, मोहनींद थी जागी हो ॥ अ० ३ ॥

( २ ) राग-विभास

निंदिया वैरण भोरी भई री ।
आय पिया पाछै गए आली, मैं तिण अवसर सोय रही री ॥ निं० १ ॥
इण दूती के कारण प्यारी, विर था सगरी रैन गई री ।
कोउ वसीठी आण मिलावै, ग्राहक होय तो बेचूं सही री ॥ निं० २ ॥
सरघा कहत गई कहा सोचत, ये री अली अब राख रही री ।
चिदानंद रे वचन विचारी, मगन भई आणंद लही री ॥ निं० ३ ॥

( ३ ) राग-आसावरी

अचल अकल अविकारा, अवधू ऐस्या रूपा तिहारा ॥ अ० ॥
वचन अगोचर वचन करी ते, मुख थी कह्यो न जावै ।
केवल ज्ञान विना पूरवधर, पूरण भेदन पावै ॥ अ० १ ॥
वरणा वरण विभेद नहीं जहाँ, विधि निषेध नहीं कोई ।
चरम अगोचर केवल गोचर, द्रेय पदारथ सोई ॥ अ० २ ॥
अस्ति कहत नहीं कछू देखत, नास्तिक कह्या न जावै ।
अवक्तव्य तीजापिण भांगा, तेहू एक न पावै ॥ अ० ३ ॥
विवहारे बंधण वह दरसत, निचै तो नहिं कोई ।
इण विध लक्ष करैं निज सत्ता, अनुभव दृष्टि जोई ॥ अ० ४ ॥
स्यादवाद साधत ते ज्ञानी, गहत एकान्त अज्ञानी ।
'चिदानंद' निरपक्षभावना, निहचे मोक्ष निसानी ॥ अ० ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠશ્રી હીરાલાલ અમૃતલાલનો દેહવિલય

સંવત ૨૦૧૭ના કાર્તિક શુદ ૩ ને રવિવારે મુંબઈ ખાતે તેઓશ્રીનું અવસાન થયેલ છે. તબિયતની સાચવણીમાં તેઓ બહુ નિયમીત હતા, પરંતુ છેલ્લા એકાદ વર્ષથી પથારીવશ હતા.

તેઓનો જન્મ સને ૧૮૯૪માં વરતેજ ગામમાં થયેલ. તેમના પિતાશ્રીનો મુંબઈમાં કાપડનો વ્યવસાય હતો, એટલે મેટ્રીક્યુલેટ થયા પછી તેઓ પણ પેઢીમાં જોડાયા. વ્યાપારી બુદ્ધિ અને હોશીયારીએ યારી આપી અને ધંધો સારો વીકસાવ્યો. રાષ્ટ્રિય લડતે વ્યાપારનું વહેણ બદલ્યું. તેઓશ્રીના ત્રણે પુત્રો ભાઈ કાંતિલાલ, શાંતિલાલ તથા વસંતરાયે અમેરિકા જઈ અભ્યાસ કર્યો. બન્ને પુત્રીઓ બહેન વસંતબહેને તથા લીલીબહેને પણ અમેરિકાની સફર કરેલી ત્યારે તેઓશ્રી પણ તેમના ધર્મપત્ની મોંઘીબહેન સાથે અમેરિકા ગયેલા. અભ્યાસના પરિણામે મુંબઈમાં શ્રી વસંતવિજય ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ્સ તથા વસંત ઇન્ડસ્ટ્રીયલ એન્ડ એન્જીનીયરીંગ વર્કસ જેવા ઉદ્યોગ શરૂ કર્યા જે અત્યારે સારી સ્થિતિમાં ચાલે છે.

ઉદ્યોગપતિ તરીકે તેઓ પોતાની ફરજ બજાવવા ઉપરાંત સાહિત્યના પણ એટલા જ શોખીન હતા. રેડીઓ ઉપરથી પણ તેઓનું અભ્યાસપૂર્ણ પ્રવચન આવતું. સ્વામીશ્રી આનંદ તેમજ કાકા કાલેલકરના સમાગમથી તેઓ આકાશ દર્શનમાં ખૂબ રસ લેતા. તેમણે પ્રવાસ પણ સારો એવો કરેલો. શ્રી નાનાભાઈ ભટ્ટ તથા શ્રી ગીજુભાઈ તો ઘરના સંબંધી જેવા થઈ ગયેલા. શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનને સલાહ સૂચનો સાથે આર્થિક સહાય પણ આપ્યા કરતા. તેઓશ્રીએ તે અંગે રૂ. વીશ હજારની રકમ આપી બાળમંદિરનું મકાન બંધાવી આપ્યું.

ભાવનગરમાં સ્ટેશન નજીક તેઓના નામની સુંદર ધર્મશાળા ચાલુ છે. હજારો જૈન યાત્રિઓએ આ ધર્મશાળાનો લાભ લીધો છે. વળી હમણાં જ તેઓએ તેમના પિતાશ્રી તથા માતુશ્રીના નામના બે સેનેટોરીઅમ શ્રી દાદાસાહેબની જગ્યામાં બંધાવવા માંડ્યા હતા. ઘણું કામ પુરું થઈ ગયું છે અને ફાગણ મહીને તે જાહેરના ઉપયોગ માટે શરૂ પણ થવા સંભવ છે.

આપણી સભાના તેઓ પેટ્રન હતા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પણ પેટ્રન હતા. તેઓશ્રી મુંબઈની તેમજ અત્રેની ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

પરમાત્મા તેઓશ્રીના આત્માને ચિર શાંતિ અર્પો.


## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા

મૂલ્ય રૂા. ચાર
અગાઉથી ગ્રાહક થનાર માટે
રૂા. સાડાત્રણ

ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ-૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી-સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only